

શૈશવ

# શૈશવ

## બાળપણ : એક અવિરત ખોજ...

બાળક...

નિર્દોષ છે.
વિશુધ્ધ છે.
પ્રેમ, શકિત અને
આનંદનું સ્વરૂપ છે.
અસીમ છે. મુકત છે.
જીવનનું સ્ત્રોત છે.

પાર વિનાની ભૂલો આપણે કર્યા જ કરીએ છીએ, પરંતુ બાળકની ઉપેક્ષા દ્વારા જીવનના સ્ત્રોતની અવગણના કરવાની ભૂલ અક્ષમ્ય છે. આપણી જરૂરિયાતો થંભી શકે પણ બાળકોની આવશ્યકતાઓમાં ઘડીભરનો પણ વિલંબ ચાલી ન શકે. અત્યારે જ તેનાં હાડમાંસ ઘડાઈ રહ્યાં છે, તેનું રૂધિર બની રહ્યું છે, એને આપણે ‘કાલ’ પર ઠેલી ન શકીએ. બાળકનું બીજું નામ ‘આજ’ છે.

— ગાબ્રીએલા મિસ્ત્રાલ
નોબેલ સાહિત્યકાર

## પૂ. ગાંધીજીના આ શબ્દો...

‘‘આપણે દુનિયામાં ખરી શાંતિ મેળવવી હોય તો અને યુધ્ધની સામે સાચું યુધ્ધ કરવું હોય તો બાળકથી શરૂઆત કરવી પડશે. જો બાળકો કુદરતી નિર્દોષતામાં ઉછરશે તો આપણે લડવું નહીં પડે. આપણે પ્રેમ થી પ્રેમ, શાંતિ થી શાંતિ ફેલાવીશું તો જગતના ખૂણે ખૂણે શાંતિ રહેશે. ’’

## આથી અમે માનીએ છીએ કે...

શાંત, સમૃધ્ધ, ન્યાયપૂર્ણ અને માનવીય સમાજની રચના અને તેનું સાતત્ય અનિવાર્ય છે. દરેક બાળકને ઉગવાની - પાંગરવાની સમાન તક મળે, વ્યકિતગત ક્ષમતાઓ - ચારિત્ર્યના ઉચ્ચત્તર વિકાસ દ્વારા સ્વાવલંબન તરફ બાળક અગ્રેસર થાય, સમાજના સાતત્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપે, જવાબદાર સ્વસ્થ નાગરિક બને. આ દ્રષ્ટી - સમજ સાથે શૈશવ ૧૯૯૪થી કાર્યરત છે.

શૈશવ

## થોડીક અગાઉની વાત...

ભાવનગર શહેરને આવરી લઈ ૧૯૯૫માં મજૂરી કરતાં બાળકોનો સર્વે ર્ક્યો. ૧૨૮૧૩ બાળકો ૧૦૬ પ્રકારના વ્યવસાયમાં કામ કરતાં મળ્યાં, સાથેસાથ વ્યવસાયિક કાર્યોને લીધે આરોગ્ય પર ગંભીર જોખમો થઈ શકે તેવા ૧૮ વ્યવસાયોનો સેમ્પલ સર્વે ર્ક્યો.

આના આધારે ૧૯૯૫માં પ્રથમ બાલઘર શરૂ ર્ક્યુ, ત્યાર બાદ બાલઘર ક્રમશઃ વિસ્તારતાં રહ્યાં અને પરિણામો હાંસલ થયા પછી હંગામી ધોરણની આ વ્યવસ્થા બંધ કરી. આજે આ વિસ્તારોના ૯૧% ઉપરાંત બાળકો શાળામાં ભણી રહ્યાં છે.

બાળકોને રસપ્રદ, આનંદદાયી, બાળકેન્દ્રી પ્રવૃત્તિસભર શાળા શિક્ષણ મળે તે માટે ૧૯૯૬માં મલ્ટીપર્પઝ મોબાઈલ સ્કૂલ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો, જેના દ્વારા દર અઠવાડિયે ૧૮,૦૦૦ ઉપરાંત બાળકો સુધી આ લાભ પહોંચતો હતો. અનેકવિધ પ્રકારની પ્રવૃત્તિઓ, નવાં–નવાં અર્થો સાથે સમાજની સહભાગિતા તથા વિશેષમાં બાળકો વચ્ચે સમાનતા અને મૈત્રી વિકસે તે માટે સહકારી અને ખાનગી શાળાના બાળકો વચ્ચે 'સેતુ' કાર્યક્રમ આમ બાળપણની વિકાસયાત્રામાં અમે બાળકોના સાથી બનીને ચાલતાં રહ્યાં ! ક્રમાંક કોઈ પડાવે નિદર્શનો–પ્રયોગો કરી કેટલાક કાર્ય–કાર્યક્રમ બંધ ર્ક્યા તો વળી નવા કાર્યો બાળપણીન ખોજમાં શરૂ પણ ર્ક્યા.



શૈશવ

# બાલસેના

શૈશવની યાત્રાના આરંભથી બાળકોની સહભાગિતાના મૂલ્યને સ્વીકાર્યું અને
૨૦૦૩માં 'બાલસેના' ની સ્થાપના થઇ.
બાળપણને 'ઓળખ' મળે, આદર અને સ્વીકાર થાય.
એકતા અને સમાનતાના મૂલ્યોના પાયા પર મૈત્રીનું વિશ્વ વિકસે.
બાલસેના એટલે
બાળકો સાથે, બાળકો દ્વારા અને બાળકો વડે સંચાલિત બાળકોનું સ્વાયત્ત સંગઠન.
બાળપણ એટલે
હાસ્ય, આનંદ, પ્રેમ, સંભાળ, ભલાઇ, સહભાગિતા અને સંવાદિતતા,
સૌનો સ્વીકાર, સહજીવનનું ઐશ્વર્ય અને પારસ્પરિક સામર્થ્યનો વિકાસ અને
વિસ્તાર... આ બધું સંવર્ધિત થાય - વિકસતું રહે, પોતાના અધિકારો માટેની
જાગૃતિ આવે - સમજણ અને પડકારોને ઝીલવાનો આત્મવિશ્વાસ કેળવાય,
સર્વાંગી કેળવણી થાય, દરેક બાળકને સમાન અધિકાર મળે તે માટે બાળકોનું
આ આગવું પ્લેટફોર્મ છે.

બાલસેના ગુજરાતનું પહેલું સ્વાયત્ત બાળ સંગઠન છે અને વિવિધ સ્તરના અને
તમામ પ્રકારના બાળકોને એક પ્લેટફોર્મ પર લાવતું દેશનું કદાચ આ પ્રથમ
સંગઠન છે જે લોકશાહી મૂલ્યોને શીખવતા-સંવર્ધિત કરતા, નાગરિકત્વના
ઘડતર સાથે કાર્યરત છે.
બાલસેનામાં ભાવનગર શહેરના જુદા-જુદા વિસ્તારનાં બાળકો સામેલ છે.

બાળકો સાથેના અનુભવોમાંથી વિશેષમાં હવે બાલસેના લીડરશીપ અકાદમી–
જાન્યુઆરી' ૨૦૨૦ થી ભાવનગર તથા રાજ્યના બાળકો માટે શરૂ કરવામાં
આવી રહી છે.





# તરૂણસેના

બાલસેનામાં બાળકોએ બનાવેલ નિયમ મુજબ ૧૮ વર્ષની ઉંમરે બાળક નિવૃત્ત થાય, પણ તેઓને લાગ્યું કે

આ કેળવણી નિરંતર ચાલવી જોઇએ. અને તેઓએ જ શરૂ કરી તરૂણસેના. ૧૮ થી ૨૫ વર્ષની વય જૂથના તરૂણો માટે સ્વ થી સમાજ તરફની યાત્રા...

સ્વસ્થ નાગરિક... સાહસિકતા, આત્મવિશ્વાસ, વિસ્તાર અને સમાજના પ્રશ્નો, કુરિવાજોને બદલવાની મથામણ એટલે તરૂણસેના. યુવાનો સાથે, યુવાનો દ્વારા અને યુવાનો વડે સંચાલિત ''તરૂણસેના''

- સ્વાયત સંગઠનની સ્થાપના ૨૦૦૮માં થઇ. જો કે આ કાર્યક્રમ તરૂણોની અન્ય જવાબદારીઓને લઈને બિનઔપચારિક સ્વરૂપે ચાલી રહ્યો છે.

તરૂણસેનાના સભ્યો સંસ્થાના અનેકવિધ કાર્યોમાં અગ્રેસર ભાગીદારી લઇ અમૂલ્ય યોગદાન આપી રહયા છે.

શૈશવ




ભાવનગર
CHILD LINE
1098
દિવસ - રાત

# ચાઈલ્ડ હેલ્પ લાઈન - ૧૦૯૮

શૈશવ

મુશ્કેલીમાં મુકાયેલા બાળકોની તત્કાલીન સહાયતા માટે અને બાળકની સુરક્ષા અને કાળજી લઈ શકાય તેવા હેતુથી મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તથા ચાઈલ્ડલાઈન ઈન્ડીયા ફાઉન્ડેશનના ઉપક્રમે વિશિષ્ટ ચાઈલ્ડ હેલ્પલાઈન ફ્રી ફોન સેવાઓ - ૧૦૯૮ દેશભરમાં કાર્યરત છે.

અગાઉ કચ્છના અભૂતપૂર્વ ધરતીકંપ સમયે કચ્છના ભચાઉમાં ચાઈલ્ડ હેલ્પલાઈનની કામગીરી શૈશવે સંભાળી હતી. હાલમાં બાળકોની મુશ્કેલીના પ્રશ્નો-સમસ્યાઓ વધી રહ્યા છે ત્યારે ભાવનગર જિલ્લામાં ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ની કામગીરી શૈશવ સંભાળી રહ્યું છે.

આ અનુસંધાનમાં નવત્તર પ્રયોગ તરીકે અને પ્રશ્નો ઉભા થાય તે પહેલા જ ધ્યાન પર આવી જાય તેવા હેતુથી ચાઈલ્ડ સેફ્ટીનેટ - સ્વયંસેવકોના જૂથને તૈયાર કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત કેટલાક વિસ્તારોમાં બાલ સુરક્ષાના વ્યાપક અર્થને પહોંચી વળવા માટે 'બાલ સુરક્ષા સમિતિ' જેમાં મોટેરાઓ, તરૂણો તથા બાળકોનું પ્રતિનિધિત્વ હોય તે રીતે રચના કરવામાં આવી છે જેના ઉત્સાહજનક પરિણામ મળી રહ્યાં છે.

આ સાથે વર્તન અને વ્યવહારની સમસ્યા વાળા બાળકો માટે કાઉન્સલીંગની ખાસ સેવાઓ પણ ચાઈલ્ડ હેલ્પલાઈન દ્વારા પુરી પાડવામાં આવી રહી છે.





# બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

કાર્યો કરતાં - કરતાં જે કંઇ શીખવા મળ્યું, અનુભવો મળ્યા તે અન્યોને પહોંચે તથા અન્યો પાસેથી આપણે શીખીએ તેને લઇ બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રનું કાર્ય વિકસી રહ્યું છે.
આ કાર્યક્રમ હેઠળ ડોકયુમેન્ટેશન, શૈક્ષણિક સાધન - સામગ્રી વિકાસ, તાલીમ, સંશોધન, નેટવર્કીંગ અને એડવોકસીનું કાર્ય બાળ અધિકારના વિશાળ પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં લઇ કરવામાં આવી રહ્યું છે.
સંસ્થાનું આ કાર્ય ગુજરાત તથા ગુજરાત બહાર પણ વધી રહ્યું છે.
વિશેષમાં બાળકો સાથે કાર્ય કરી શકે તેવા કાર્યકરોને તૈયાર કરવાના હેતુથી ખાસ 'બાલદોસ્ત' અભ્યાસક્રમ પણ શરૂ કરવામાં આવી રહ્યો છે.

કેવળ સ્થાનિક સ્તરે જ કાર્ય કરતા રહેવાથી પ્રશ્નનો ત્યાંના પૂરતો આંશિક ઉકેલ કદાચ શકય થાય પરંતુ સમગ્ર ઉકેલ ન આવી શકે. આ માટે સમાજ અને સરકારના વિશાળ સ્તરે પણ કાર્ય જરૂરી છે. બાળ અધિકારના મુદ્દા વ્યાપક બને, તેનું પ્રસ્થાપન થાય અને સરકાર - સમાજ પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવે તે માટે દેશમાં સંસ્થાઓ અને વ્યકિતઓ એકત્ર થઇ ઝુંબેશ ચલાવી રહયા છે.

શૈશવ પણ શરૂઆતથી રાજ્ય સ્તરે બાળ અધિકાર સમૂહ ગુજરાત ઉપરાંત રાષ્ટ્રીય સ્તરે બાળ મજૂરી વિરોધી ઝુંબેશ, બાળ હેરાફેરી વિરોધ ઝુંબેશ, રાઇટ ટુ એજયુકેશન ફોરમ, એનએસીજી (સાઉથ એશીયન ઇનીશીયેટીવ ટુ એન્ડ વાયોલન્સ અગેઇન્સ્ટ ચીલ્ડ્રન - ઇન્ડીયા ચેપ્ટર) સાથે સક્રિય રીતે જોડાયેલ છે.

શૈશવ





## આરણ્યક

અઢી દાયકા દરમ્યાન બાળપણ એટલે શું ? એના અર્થો જેમ– જેમ સમજતા ગયા તેમ તેમ બાળકો સાથેના કાર્યોમાં સમજણનો વિસ્તાર અને ઊંડાણ વધતા ગયા, મર્યાદા સમજાતી ગઈ. બાળક મજૂરી છોડી શાળામાં ભણતું થઈ જાય એટલે કાર્ય પૂરું નથી થતું, અને એટલે જ શૈશવનું કાર્ય બહુઆયામી બની રહ્યું છે.

શૈશવ

આ બધામાંથી જે શીખ મળી તેમાંથી કેળવણીનાં નૂતન કાર્યક્રમનું ચિત્ર વિકસ્યું છે.

સ્વસ્થ જીવન (સ્વસ્થ બાળક = સ્વસ્થ નાગરિક = સ્વસ્થ સમાજ)
સાતત્યપૂર્ણ પર્યાવરણ, સામાજિક ન્યાય, નિસ્બત – તમે બધા છો માટે હું છું.

બાળકોની પોતાની શીખવાની એવી જગ્યા કે જ્યાં બાળક પોતે નેતૃત્વ લઈ જીવન અંગેની સમજ કેળવે, જ્યાં પરસ્પર સહજીવનના આદર દ્વારા નૈસર્ગિક વિકાસ કરે અને વયસ્કો એમના મિત્ર બની ટેકો કરતા રહે.

સહજીવન દ્વારા કુદરતને સાચવે – સંવર્ધન કરે, પરાસ્પરાવલંબન દ્વારા એક–મેકની અને વૈવિધ્યતાને આદર આપે, સંસ્કૃતિઓના આવિર્ભાવને સમજે–ઓળખે અને પ્રેમના મૂલ્યોને વિસ્તારે, વિચારોની તાજગીને સ્પર્શે–બંધિયારપણાથી ખૂલ્લા તરફ વિકસે, દરેકની શક્તિ–મર્યાદાને ઓળખે – ટેકો કરે અને જે છે તેને હૃદયથી આવકારે, ન્યાય – સમાનતા –બંધુત્વ દ્વારા ઐશ્વર્યોને પામવા મથામણ કરે – સાથોસાથ સંતોષ અને સૌનો ખ્યાલ કરી સાદગી દ્વારા જીવનને પામે, વિકાસના સાચા ખ્યાલને વિકસાવે એવી કેળવણી પામવાની મથામણ જીવનનો ક્રમ બને અને જીવવા માટેની પ્રેકટીસ થાય તેવી સમજણ એટલે ‘‘આરણ્યક’’

આમ **આરણ્યક** એટલે
ખુલ્લી અને મુક્ત શીખતી – શીખવતી જગ્યા
આ કાર્યક્રમ બાલસેનાના ભૂતપૂર્વ સભ્યો અને હવે
શૈશવમાં કાર્યકર તરીકે પ્રદાન આપી રહ્યા છે તેઓના નેતૃત્વ હેઠળ નર્મદા જિલ્લાના
ડેડીયાપાડા તાલુકામાં ડીસેમ્બર’ ૨૦૧૮થી શરૂ કરવામાં આવ્યો છે.



આ માટે શાળાઓ / આશ્રમ શાળાઓમાં આ જીવનશિક્ષણ દ્વારા પૂરક વ્યવસ્થા – પ્રવૃત્તિઓ યોજવી.



શૈશવ

## કેટલીક ઉપલબ્ધિ.....

- સાતત્યપૂર્ણ પ્રયાસોના પરિણામે જુન ૨૦૧૯ સુધીમાં ૧૭,૦૦૦ ઉપરાંત બાળકોનો શાળા પ્રવેશ
- એકતા અને સમાનતાના મૂલ્યો તથા સહભાગિતાના અધિકારના પાયા પર બાળકોનું સ્વાયત્ત સંગઠન - બાલસેના. બાળકો દ્વારા રાજ્ય, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ, નેતૃત્વ અને સક્રિય યોગદાન.
- નાવીન્યપૂર્ણ, પ્રવૃતિ-અનુભવ આધારિત અનેકવિધ પ્રકારની શૈક્ષણિક સાધન સામગ્રી તથા બાળ અધિકાર-વિકાસ માટે નવીન પહેલ તેમજ પ્રયોગોનો વિકાસ અને અન્ય સંસ્થાઓ દ્વારા સ્વીકાર.
- કિશોરીઓ માટે વિશિષ્ટ પ્રકારનો સલામતી અને સુરક્ષા અંગેનો વિશેષ અભ્યાસક્રમ 'વેનલીડો'
- જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ નેટવર્ક, સંગઠનો અને સરકારી સમિતિઓમાં શૈશવનું સ્થાન, પ્રતિનિધિત્વ અને નેતૃત્વ.
- શૈશવના વિશેષ પ્રયત્નોથી 'નેશનલ ફોરમ ફોર ચાઈલ્ડ પાર્ટીસીપેશન' ની સ્થાપના.
- વિવિધ હિતધારકોની મદદથી ગુજરાતમાં પ્રથમવાર ભાવનગર જિલ્લામાં તમામ શાળાઓના બાળકોની સુરક્ષા માટે 'શાળા બાળ સંરક્ષણ નિતી - માર્ગદર્શિકા'' નો અમલ
- સ્થાનિક અને રાજ્ય સ્તરે શૈશવના કાર્યોનું સન્માન.
- શૈશવના સ્થાપકોને ક્રાય, અશોકા-ઈનોવેટર્સ ફોર ધ પબ્લીક અને ફુલબ્રાઇટ-હમ્ફ્રી ફેલોશીપ.
- બાલસેના અને તરૂણસેનાના સભ્યો અને સંસ્થાના કાર્યકરોનું શૈશવના ટ્રસ્ટી બોર્ડમાં પ્રતિનિધિત્વ દ્વારા સહભાગિતાનું ઉત્તમ ઉદાહરણ





## આપને સહભાગી થવા આમંત્રણ

શૈશવ

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા એક નમ્ર પ્રયત્ન છે.
મર્યાદાઓ અને પડકારો અનેક છે.
પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રિય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ છે.
શૈશવના વિવિધ કાર્યક્રમો - કાર્યો માટે, વિકાસ માટે, માળખાગત સુવિધાઓ તથા કાર્યનું સાતત્ય જળવાય તે માટે નાણાકીય સહાયની સવિશેષ જરૂરિયાત છે. અમને શ્રદ્ધા છે કે બાળકોને અર્થપૂર્ણ જીવન અપાવવાના અમારા પ્રયાસોમાં આપની સહભાગિતા સૌના માટે ઉદાહરણરૂપ બની રહેશે.
આપને સહભાગી થવા વિશેષ આમંત્રણ છે. આપની આર્થિક અને સ્વૈચ્છિક કૌશલ્ય સેવાઓ માટે આમંત્રણ છે.

## અમારા સહયોગીઓ...

• કાય • આઈજીએસએસએસ • એકશન એઈડ • ઓક્સફામ ઈન્ડીયા • તૅરે દેશ હોમ્સ • સેવ ધ ચીલ્ડ્રન • સર દોરાબજી ટાટા ટ્રસ્ટ • સર રતન ટાટા ટ્રસ્ટ • શેર એન્ડ કેર ફાઉન્ડેશન • એકસીસ બેંક ફાઉન્ડેશન • ગ્લોબલ ફંડ ફોર ચીલ્ડ્રન • પોલ હેમલીન ફાઉન્ડેશન • ચાઈલ્ડ રીચ ઈન્ટરનેશનલ • આશા વિજય ફાઉન્ડેશન • સરલાબેન એડનવાલા દવે લીવીંગ ટ્રસ્ટ • કોમીક રીલીફ • આઈ પાર્ટનર, • લોરીયસ સ્પોર્ટસ્ ફોર ગુડ (મર્સીડીઝ બેન્ઝ–ઈન્ડીયા) ગૃહ હાઉસીંગ ફાઈનાન્સ લિ. • શ્રોફ ફેમીલી ચેરીટેબલ ફાઉન્ડેશન. • અવેર ફાઉન્ડેશન • મહિલા અને બાળ વિકાસ મંત્રાલય - ચાઈલ્ડ લાઈન ઈન્ડીયા ફાઉન્ડેશન





શૈશવ



ટ્રસ્ટ રજી. નં. એફ/૩૪૬૨/અમદાવાદ
સોસાયટી રજી. નં. ગુજ/૩૫૯૨/અમદાવાદ
૮૦-જી(૫), ઇન્કમટેક્ષ એક્ટ, ૧૯૬૧ હેઠળ દાન કરમુક્તિને પાત્ર
ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ હેઠળ રજીસ્ટર્ડ સંસ્થા
ગીવ ઇન્ડીયા અને ગાઇડ સ્ટાર ઇન્ડીયા ની સભ્ય સંસ્થા



• ટ્રસ્ટી મંડળ •

ફાલ્ગુન શેઠ
પારૂલ શેઠ
ડો. પંકજ શાહ
ડો. એસ. શ્રીધર
નિમિષા દેસાઇ
અનિતા શાહ
સંજય દેસાઇ
સંગીતા ગરત
ડો. પારસ મહેતા
જતીન જલુંધવાલા


# શૈશવ


બ્લોક નં.-૩, બીજે માળ, બી-વીંગ, સરદાર વલ્લભભાઇ પટેલ મ્યુનિ. શોપીંગ સેન્ટર,
સરદાર નગર સર્કલ, ભાવનગર - ૩૬૪૦૦૧
ફોન નં. : ૦૨૭૮-૨૫૬૮૫૬૧ / ૨૫૬૦૧૨૭
E-Mail: info@shaishavchildrights.org - parul.shaishav@gmail.com
Web : www.shaishavchildrights.org

શૈશવ

આપણાં બાળકોને દુનિયાની સુંદરતા અને વિસ્મય પાછા આપવા તે પડકાર છે.

– વાંગારી મુથા મથાઈ

નોબેલ પુરસ્કાર સન્માનિત